## ૪૧.૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે નવસારી ભઠ્ઠીમાં ફેરવાયું

**લૂના** કારણે દૈનિક શ્રમિકોની હાલત દયનીય બની

**સવારે** હવામાં ભેજનું પ્રમાણ ૯૨ ટકા થઇ જતાં લોકો પરસેવે રેબઝેબ



નવસારીઃ નવસારી શહેરમાં ઉનાળાએ આ વખતે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા ત્રણ દિવસથી સતત વધી રહેલા તાપમાને આજે તમામ હદો વટાવી દીધી હતી અને પારો સીધો ૪૧.૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતા સમગ્ર શહેર જાણે ધગધગતા તંદુરમાં ફેરવાઈ ગયું હોય તેવો અહેસાસ લોકો કરી રહ્યા છે. બપોરના સમયે સડકો પર સામાન્ય દિવસોની ચહલપહલ ગાયબ જોવા મળી હતી અને ગરમીના ત્રાસથી લોકો ઘરોમાં પુરાઈ રહેવા મજબૂર બન્યા હતા.

આકરી લૂ અને ઉકળાટનો સૌથી મોટો ફટકો દૈનિક મજૂરી કરીને પરિવાર ચલાવતા શ્રમિકો તથા ફેરિયાઓને પડી રહ્યો છે. ધોમધખતા તાપમાં બાંધકામ સાઈટ પર કામ કરતા મજૂરો, રિક્ષાચાલકો અને ગલીઓમાં ફરીને વેપાર કરતા ફેરિયાઓની હાલત દયનીય બની ગઈ છે. ચામડી દાઝી જાય તેવી ગરમી વચ્ચે શરીર પરસેવાથી નીતરી રહ્યું હોવા છતાં પેટની આગ બુઝાવવા માટે તેમને કામ ચાલુ રાખવું પડી રહ્યું છે.

સવારે ૯૨ ટકા જેટલા ઊંચા ભેજને કારણે શહેરમાં ભારે ઉકળાટ અનુભવાયો હતો, જ્યારે દિવસ ચઢતાં ગરમ પવનોના સુસવાટા સાથે ગરમી વધુ અસહ્ય બની ગઈ હતી. સાંજ સુધી લોકો ગરમીથી ત્રસ્ત રહ્યા હતા અને ઠંડક મેળવવા છાશ, લીંબુ પાણી, આઈસ્ક્રીમ અને ઠંડા પીણાંનો સહારો લેતા જોવા મળ્યા હતા.

હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરતાં લોકોમાં ચિંતા વ્યાપી છે. હાલની પરિસ્થિતિએ નવસારીવાસીઓને અનુભવ કરાવી દીધો છે કે આ વર્ષે ઉનાળો સામાન્ય નહીં, પરંતુ આગ ઓકતો સાબિત થઈ રહ્યો છે.

### ડાંગમાં ગરમીનો કહેર યથાવત: 43 ડિગ્રી સુધી પારો પહોંચતાં લોકો તોબા પોકારી ઊઠ્યા



ગિરીશ ભોયે

સાપુતારા 10-05-2026 ડાંગ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.આજે જિલ્લાનાં વિવિધ વિસ્તારોમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર પહોંચી જતા ડાંગ જિલ્લાનાં સામાન્ય જનજીવન પર સીધી અસર જોવા મળી હતી.ડાંગ જિલ્લાનાં વઘઈ તાલુકામાં મહત્તમ 43C, આહવા તાલુકામાં 42C, સુબીર તાલુકામાં 42C અને સાપુતારા પંથકમાં 39C તાપમાન નોંધાયું હતું. ડાંગ જિલ્લામાં અસહ્ય ગરમીની વચ્ચે જંગલોમાં દવ લાગવાની ઘટનાઓમાં પણ વધારો નોંધાયો છે. ડાંગ જિલ્લામાં અસહ્ય ગરમી અને ઉકળાટને કારણે બપોરના સમયે રસ્તાઓ સૂમસામ બન્યા હતા.લોકો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે અને ઠંડક મેળવવા માટે શીતળ છાંયડો, ઠંડા પીણાં તેમજ પાણીનો સહારો લેતા જોવા મળ્યા હતા. જેમાં પાળતું પશુઓ પણ અસહ્ય ગરમીમાં ઝાડવાઓનો છાયડો શોધવા મજબૂર બન્યા છે. અસહ્ય ગરમી અને ઉકળાટમાં ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને રોજિંદા મજૂરી કરતા કામદારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.ડાંગ જિલ્લામાં ગરમીના વધતા પ્રકોપ વચ્ચે આરોગ્ય વિભાગ દ્વારા લોકોને વધુમાં વધુ પાણી પીવાનું, બપોરે 12 થી 4 દરમિયાન અનાવશ્યક બહાર ન નીકળવાનું અને હળવા સુતરાઉ કપડાં પહેરવાની સલાહ આપવામાં આવી છે. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં પણ હિટવેવની સંભાવના રહેલી છે.જેમાં તાપમાનમાં ખાસ ઘટાડાની શક્યતા ઓછી હોવાથી લોકોમાં ગરમીથી રાહત ક્યારે મળશે તે અંગે ચિંતા વધી રહી છે.

## વાપીમાં સેલ્સમેનને લાકડાનો ફટકો મારી 1.50 લાખની લૂંટ

**આકાશ** ટ્રેડર્સમાં માર્કેટિંગ કરતા આધેડને બે શખ્સોએ લૂંટી લીધો

**ઘાયલ** મોટારામ માલીને વાપીની હરિયા હોસ્પિટલમાં ખસેડાયો

વાપીઃ વાપીના ડુંગરા પોલીસ સ્ટેશન હેઠળના કરવડ વિસ્તારમાં લૂંટની એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. પૂનમજી ઈન્ડસ્ટ્રિયલ પાર્ક પાસે બે અજાણ્યા શખ્સોએ આકાશ ટ્રેડર્સમાં માર્કેટિંગનું કામ કરતા 52 વર્ષીય મોટારામ સાવલરામ માલી પર જીવલેણ હુમલો કરી, તેની પાસેથી રૂ.1,50,000ની લૂંટ ચલાવી હતી.

મોટારામ માલી આકાશ ટ્રેડર્સમાં પાન-મસાલાના હોલસેલ વેચાણ અને ઉઘરાણીનું કામ કરે છે. ગત તા.8/5/2026ના રોજ રાત્રે આશરે 10:45 વાગ્યે, તેઓ દિવસભરની ઉઘરાણીના રૂ.1.50 લાખ એક થેલામાં ભરી પોતાની મોપેડ પર ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન કરવડ રોડ પર બે અજાણ્યા શખ્સે તેમને આંતરી લાકડાના ફટકા વડે માથાના ભાગે હુમલો કર્યો હતો. હુમલાને કારણે મોટારામ નીચે પડી જતાં આરોપીઓ રોકડ ભરેલો થેલો લૂંટીને ફરાર થઈ ગયા હતા. આ બનાવ પૂનમજી ઈન્ડસ્ટ્રિયલ પાર્કના ગેટ પાસે બન્યો હતો, જેમાં પેન્ટ-શર્ટ પહેરેલા બે અજાણ્યા યુવાનોએ (ઉંમર આશરે 25થી 30 વર્ષ) મોટારામને અટકાવ્યા હતા. આરોપીઓએ લાકડાના ફટકા વડે મોટારામના માથાના ભાગે હુમલો કર્યો હતો. ડુંગરા પોલીસે લૂંટનો ગુનો નોંધી સીસીટીવી કેમેરાનાં ફૂટેજ મેળવી તપાસ હાથ ધરી છે. હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા મોટારામને તાત્કાલિક વાપીની હરિયા હોસ્પિટલના ICU વોર્ડમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

## પારડીની મહેતા હોસ્પિટલના તબીબ પર હિંસક હુમલો થયો

**પારડી** નજીક અજાણ્યાઓએ કાર આગળ પાછળ કરી હેરાન કરી મુક્કા અને લાતો મારી ઇજા પહોંચાડી

પારડી : ભીલાડ વિસ્તારમાં રહેતા અને પારડીની મહેતા હોસ્પિટલ તેમજ હેલ્થ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટમાં ડોક્ટર તરીકે ફરજ બજાવતા ડો. મિલન ધીરૂભાઈ પટેલ પર હિંસક હુમલો કરવામાં આવ્યો છે. આ બનાવની પારડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ છે.

આ ઘટનાની મળતી માહિતી અનુસાર ડોક્ટર મિલન પટેલ પરિવાર સાથે પારડીમાં રહે છે. તેમનાં પત્ની શિક્ષિકા છે અને દીકરી મેડિકલ ક્ષેત્રમાં અભ્યાસ કરી રહી છે.

તા. 08/05/2026ની પત્ની સાથે રાત્રે તેમની કાર નં. GJ-15-CP-2006 ભીલાડથી પારડી ઘરે પરત ફરી રહ્યાં હતાં ત્યારે પારડી ચાર રસ્તા નજીક સર્વિસ રોડ પર પહોંચતા એક કાળા રંગની ફોર વ્હીલર કાર તેમની કારની સામે આવી હતી. તે કારના ચાલકે વારંવાર કાર આગળ પાછળ કરી તેમને હેરાન કર્યા હતા અને થોડીવાર બાદ કાર નં. GJ-05-RY-9679માંથી કેટલાક શખ્સો ઉતરી આવ્યા હતા. તેમણે તબીબને કારમાંથી નીચે ઉતરવા કહ્યું હતું.

ડોક્ટર બહાર આવતા જ એક શખ્સે તેમને ધક્કો મારી દીધો હતો અને ત્યારબાદ અન્ય શખ્સોએ મળીને મારા મારવાનું શરુ કર્યું હતું. જેમાં તેમની આંખ, ચહેરા અને શરીરના અન્ય ભાગોમાં મુક્કા તથા લાતો મારી ગંભીર ઈજા પહોંચી હતી.

તેમની પત્નીએ બુમાબુમ કરતાં આસપાસના લોકો એકત્ર થઇ જતાં આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. હુમલામાં ઈજાગ્રસ્ત બનેલા ડોક્ટરે પહેલા સારવાર લીધી અને ત્યારબાદ બીજા દિવસે પારડી પોલીસ સ્ટેશન ખાતે લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં ડોક્ટરે જણાવ્યું છે કે આરોપીઓએ ટ્રાફિક દરમિયાન ઇરાદાપૂર્વક કાર અટકાવી ઝઘડો શરૂ કર્યો હતો.

પોલીસને કાર નંબર પણ આપવામાં આવ્યો છે. હાલમાં પારડી પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીઓને શોધવા કાર્યવાહી હાથ ધરી છે.

## સંદલપોરના પશુપાલક પર હુમલા સાથે કારમાં તોડફોડ કરતાં ગુનો

**ગ્રીડ** નજીક સર્વિસ રોડ પર આંતરી પાંચ આરોપી ફટકા સાથે તૂટી પડ્યા

**કબીલપોરની** જમીનના વિવાદમાં ગોપાલ ભરવાડ પર અગાઉ પણ હુમલો થયો હતો

નવસારીઃ મૂળ ભાવનગર જિલ્લાના અને હાલમાં જલાલપોર તાલુકાના સંદલપોર ગામે વસવાટ કરતા ગોપાલભાઈ પુનાભાઈ દામલા (ભરવાડ)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, વિભાભાઈ દેવાભાઈ ભરવાડ સાથે તેમને લાંબા સમયથી જમીન બાબતે મનદુઃખ ચાલતું હતું. ફરિયાદ અનુસાર, ગત 9 એપ્રિલના રોજ ભાણા પેટ્રોલ પંપ નજીક બંને પક્ષ વચ્ચે બોલાચાલી થયા બાદ મામલો ઉગ્ર બન્યો હતો અને ફરિયાદીને માર મારવામાં આવ્યો હતો.

આ જ વિવાદે ગત 5 મેની રાત્રે વધુ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. ફરિયાદી પોતાની કાર લઈને કબીલપોર ગ્રીડ સર્વિસ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આરોપીઓ સેન્ટ્રો કારમાં આવી તેમની ગાડીને રોકી હોવાનું જણાવાયું છે. ત્યારબાદ વિભાભાઈ દેવાભાઈ ભરવાડ, વાઘાભાઈ દેવાભાઈ ભરવાડ, રોહિત ઉર્ફે પીન્ટુ વાઘાભાઈ ભરવાડ, જીગર ગોપાલભાઈ ભરવાડ અને ભોયાભાઈ ઉર્ફે ભુપત અર્જુનભાઈ ભરવાડે મળીને લાકડાના ફટકાથી હુમલો કર્યો હોવાનું ફરિયાદમાં ઉલ્લેખાયું છે.

હુમલા દરમિયાન ફરિયાદીને હાથ અને ગરદનના ભાગે ઈજાઓ પહોંચી હતી. સાથે જ કારના કાચ તોડી વાહનને મોટું નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું પણ સામે આવ્યું છે. અંદાજે એક લાખ રૂપિયાથી ઓછું નુકસાન થયાનું પોલીસ ફરિયાદમાં દર્શાવવામાં આવ્યું છે.

નવસારી રૂરલ પોલીસ દ્વારા પાંચેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. કેસની તપાસ પી.એસ.આઈ. એમ.એલ. સૈયદ ચલાવી રહ્યા છે. હાલ સુધી કોઈ આરોપીની ધરપકડ થઈ નથી તેવી માહિતી પ્રાપ્ત થઈ છે. ઉલ્લેખનીય છે કે આ જ વિવાદમાં અગાઉ સામા પક્ષ દ્વારા પણ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. જેમાં કેટલાક લોકો સામે ગુનો નોંધાઈ તેમની અટકાયત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. જમીન વિવાદને કારણે બંને પક્ષ વચ્ચે તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે.



## વાપીમાં ટ્રાન્સપોર્ટ નગર બનાવવા માટે કરમબેલામાં જમીનની ફાળવણી

**નાણામંત્રી** કનુભાઈ દેસાઈના પ્રયાસોને કારણે વર્ષોની માંગણી હવે સાકાર થશે, શનિવારે અધિકારીઓ સાથે કનુભાઈએ સ્થળની મુલાકાત કરી

વાપી : વાપીમાં ટ્રાફિક સમસ્યાને ઉકેલવા વર્ષોથી ટ્રાન્સપોર્ટ નગર બનાવવા ની માંગ ઉઠી રહી હતી. વિધાનસભાની ચૂંટણીમાં પણ આ મુદ્દાની રજૂઆત થઈ હતી. તે સમયે આ વિસ્તારના પારડીના ધારાસભ્ય અને નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા ટ્રાન્સપોર્ટ નગર બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી. હાલ વાપી દમણગંગા નદી ની સામે કિનારે કરમબેલા તરફ 18 એકર જમીનની વાપી જીઆઈડીસીએ ટ્રાન્સપોર્ટનગર માટે ફાળવણી કરી છે.

નાણામંત્રી કનુભાઈ દેસાઈના પ્રયાસોના કારણે દમણગંગા નદીની સામેની તરફ કરમબેલામાં વાપી જીઆઈડીસીની 18 એકર જમીનમાં ટ્રાન્સપોર્ટ નગર બનશે. નાણામંત્રી કનુભાઈ દેસાઈએ શનિવારે રૂબરૂ સ્થળ મુલાકાત કરી હતી. સાથે સ્થળ મુલાકાત દરમિયાન જીઆઈડીસી ના સરકારના અધિકારીઓ, વાપી વીઆઈએ ના પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી વીઆઈએ ના પૂર્વ પ્રમુખ યોગેશભાઈ કાબરિયા, કલ્પેશભાઈ ભામરોલીયા, વીઆઈએ એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બર ઉપસ્થિત રહી સમગ્ર પ્રોજેક્ટ ની ચર્ચા કરી હતી.

આ ટ્રાન્સપોર્ટ નગર બનવાને કારણે પાર્કિંગની સુવિધા વધશે. 5000 જેટલા મોટા વાહનો માટે અહીં પાર્કિંગની સુવિધા મળશે. લોજિસ્ટિક વાહનો માટે વિશાળ પાર્કિંગ વિસ્તાર મળશે. સાથે વાપી લોજિસ્ટિક હબ બનશે. માલ સામાનની હેન્ડલિંગ અને સ્ટોરેજ માટે આધુનિક સુવિધાઓ ઉભી થશે. વાપી સાથે અન્ય રોડ કનેક્ટિવિટી હાઇ વે અને ઉદ્યોગ વિસ્તાર સાથે સીધા જોડાણ થશે.વાપીમાં ટ્રાફિક સમસ્યાઓમાં ઘટાડો થશે. વાપીના ઔદ્યોગિક એકમોને લાભ થશે. તેમજ ઝડપી ટ્રાન્સપોર્ટ સુવિધા અને વ્યવસ્થાઓ આકાર લેશે.

### બબબબબબબ




ગિરીશ ભોયે

■ ચાલુ વર્ષે ઉનાળાની રજાઓનું આગમન થતા જ ગુજરાતના એકમાત્ર ગિરિમથક એવા સાપુતારામાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે.ખાસ કરીને શનિવાર અને રવિવારની રજાઓના સંગમ દરમિયાન ડાંગ જિલ્લાની આ મનોહર વાદીઓ પ્રવાસીઓના કલરવથી ગુંજી ઉઠી છે.

**નવસારી પોલીસે ખરા અર્થમાં ઉજવ્યો મધર્સ ડે**

## છ વર્ષથી ગુમ મહિલાનું પરિવાર સાથે મિલન કરાવતી જલાલપોર પોલીસ

**જામનગરથી** ગુમ મહિલાને શોધી પરિવાર સાથે કરાવ્યો ભાવુક મેળાપ



નવસારીઃ નવસારી જિલ્લામાં ગુમ થયેલા લોકોને શોધવા માટે ચાલી રહેલા 'ઓપરેશન મિલાપ' અંતર્ગત જલાલપોર પોલીસે એક નોંધપાત્ર સફળતા મેળવી છે. છેલ્લા છ વર્ષથી ગુમ થયેલી મહિલાને જામનગર ખાતેથી સુરક્ષિત રીતે શોધી કાઢી પરિવાર સાથે પુનઃમિલન કરાવતા પરિવારજનોમાં આનંદ અને લાગણીસભર માહોલ સર્જાયો હતો. આ મિલાપ મધર્સ ડેના દિવસે જ થતાં નવસારી પોલીસે સાચા અર્થમાં મધર્સ ડેની ઉજવણી કરી હોવાનું કહીએ તો પણ કંઇ જ ખોટુ નથી.

જલાલપોરના પંચવટી એપાર્ટમેન્ટ વિસ્તારમાં રહેતી દુર્ગાબેન નિલેશભાઈ ભીમાણી વર્ષ 2018માં અચાનક ગુમ થઈ ગયા હતા. આ અંગે જલાલપોર પોલીસ સ્ટેશન ખાતે જાણવાજોગ ફરિયાદ નોંધાઈ હતી. લાંબા સમય સુધી પરિવાર અને પોલીસ દ્વારા શોધખોળ કરવા છતાં મહિલાનો કોઈ પત્તો મળ્યો નહોતો.

ત્યારબાદ નવસારી નાયબ પોલીસ અધિક્ષક એસ.કે. રાયના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર એલ.જી. રાઠોડની ટીમે તપાસ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ પિયુષભાઈ અને શિવરાજસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે દુર્ગાબેન જામનગર ખાતે હોવાની શક્યતા છે. બાતમીના આધારે જામનગર ખાતેથી મહિલાને શોધી કાઢવામાં સફળતા મળી હતી.

મહિલા પોલીસની હાજરીમાં જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી દુર્ગાબેનને તેમના પરિવારને સોંપવામાં આવ્યા હતા.

## લંડન જતો પરિવાર ગાયબ થવાના કેસમાં વલસાડના એજન્ટનો છૂટકારો

**આફ્રિકા** થઈ લંડન જતા પરિવારના ચાર સભ્ય ગાયબ થઈ ગયા હતા

વલસાડ : ગુજરાતનો એક પરિવાર દુબઇ ને ત્યાંથી આફ્રિકા થઇ લંડન જઇ રહ્યો હતો. આ પરિવાર ગાયબ થઇ ગયો હતો અને પરિવારના ચારેય વ્યક્તિઓનું અપહરણ થઇ ગયું હોવાની ઘટના બહાર આવી હતી.

આ ઘટનાની તપાસનો રેલો વલસાડ સુધી પહોંચ્યો હતો. જેમાં અમદાવાદ પોલીસ વલસાડના એક એજન્ટને ગત સાંજે ઉંચકી ગઇ હતી. જોકે, આજરોજ તેની પૂછતાછ કરી તેને છોડી મુક્યો હતો. જેને લઇ તેના પરિવારને રાહત થઇ હતી. આ કિડનેપીંગ કેસમાં તેની કોઇ સંડોવણી ન હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હોવાનું લાગી રહ્યું છે. અમદાવાદનો એક પરિવાર ભારતથી દુબઇ અને ત્યાંથી આફ્રિકા થઇ લંડન જઇ રહ્યો હતો. તેમનું આફ્રિકાના દેશથી અપહરણ થઇ ગયું હતુ. તેઓ સંપર્ક વિહોણા બનતા તેમના સંબંધીઓ ચિંતિત થઇ ગયા હતા. બીજી તરફ તેમની શોધખોળ દરમિયાન તેને લંડન મોકલનાર એજન્ટો પર ખંડણીના કોલ આવ્યા હતા. જેને લઇ મામલો ગુંચવાયો હતો. અમદાવાદના ઇમિગ્રેશન એજન્ટ સાથે વલસાડના ઇમિગ્રેશન એજન્ટ પર પણ ફોન આવતા પોલીસ તેને ઉંચકી ગઇ હતી. જોકે, આ કેસની તપાસ કરનાર મહિલા પીઆઇએ જણાવ્યું કે, વલસાડના એજન્ટને પુછતાછ માટે બોલાવાયો હતો. જેની પુછતાછ બાદ મુક્ત કરાયો છે. આ ઘટનામાં વલસાડના એજન્ટે તેમની ફ્લાઇટ ટિકીટ કરાવી હોવાની પણ એક ચર્ચા ચાલી હતી. જેને લઇ પ્રાથમિક તપાસમાં એ પણ શંકાના દાયરામાં આવી ગયો હતો. જોકે, પ્રાથમિક દ્રષ્ટીએ તેની કિડનેપીંગમાં તેની સંડોવણી ન જણાતા તેને મુક્ત કરાયો હોવાનું પણ ચર્ચાઇ રહ્યું છે. આ કેસ ખૂબ જ સેન્સીટીવ હોવાનું તપાસ અધિકારીએ જણાવ્યું હતું. આ કેસમાં હાલ તેઓ કંઇ પણ કહી ન શકે એવું તેમણે જણાવ્યું હતું.

## વલસાડના લીલાપોર ગામમાં જુગાર રમતા પાંચ ઝડપાયા



વલસાડઃ વલસાડ રૂરલ પોલીસે બાતમીના આધારે લીલાપોર ગામે દરોડો પાડી ખુલ્લી જગ્યામાં જુગાર રમતા પાંચ ઈસમને ઝડપી પાડ્યા છે. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ સહિતનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના સ્ટાફને ખાનગી રાહે બાતમી મળી હતી કે, લીલાપોર ગામની સીમમાં આવેલ રામરમા પાર્કની પાછળની ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો પત્તાંનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે ટીમ બનાવી ઘટનાસ્થળે ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસના દરોડા દરમિયાન જુગાર રમતા પાંચ શખ્સ રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે જુગારી સંજય રામકિશોર સીંગ, અજયભાઈ મનાજીભાઈ કુકણા, બંકિમ યશવંતભાઈ તલાવીયા, જિજ્ઞેશભાઈ મુકેશભાઈ ધોડીયા, મનીષભાઈ સુરેશભાઈ ધોડિયા આ પાંચેય આરોપીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે કુલ રૂ.20,050નો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ શરૂ કરી છે.





## નવસારી-બારડોલી રોડ પર ભીષણ આગ

**દૂર** દૂર સુધી ધુમાડાના ગોટેગોટા દેખાયા

નવસારીઃ નવસારી શહેરના નવસારી-બારડોલી રોડ વિસ્તારમાં આજે બપોરના સમયે અચાનક આગની મોટી ઘટના સર્જાતા લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. માર્ગ પાસે આવેલા ખાનગી લાકડાના ગોડાઉનમાં અચાનક આગ લાગતા જ થોડી જ વારમાં જ્વાળાઓએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ગોડાઉનમાં સંગ્રહિત મોટી માત્રામાં લાકડું હોવાથી આગ ઝડપથી પ્રસરી ગઈ હતી અને ઘટનાસ્થળ પરથી ઊઠતા ધુમાડાના ગોટેગોટા દૂર સુધી નજરે પડતા હતા.

આ ઘટનાની જાણ થતાં આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. માહિતી મળતા જ નવસારી ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ફાયર બ્રિગેડના નંદુભાઈ ટંડેલના માર્ગદર્શન હેઠળ બે અલગ અલગ ટીમોએ પાણીનો સતત મારો ચલાવી આગને કાબૂમાં લેવા ભારે જહેમત ઉઠાવી હતી. આગની તીવ્રતા એટલી વધુ હતી કે લાંબા સમય સુધી જ્વાળાઓ ધગધગતી રહી હતી.

સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ગોડાઉનમાં રહેલો કિંમતી લાકડાનો મોટો જથ્થો બળીને રાખ થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી બહાર આવ્યું નથી, પરંતુ પ્રાથમિક તબક્કે શોર્ટ સર્કિટ અથવા ભારે ગરમીને કારણે આગ ભભૂકી હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ સંબંધિત વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે નવસારી જિલ્લામાં આગની ઘટનાઓ સતત વધી રહી છે. છેલ્લા દોઢ મહિનામાં જિલ્લામાં 15થી વધુ નાના-મોટા આગના બનાવો નોંધાયા હોવાનું સામે આવ્યું છે. ખેતરો, ઘાસચારો, ગોડાઉન અને રહેણાંક વિસ્તારોમાં લાગતી આગ હવે ચિંતાનો વિષય બની રહી છે.નિષ્ણાતોના મતે ઉનાળામાં વધતું તાપમાન, સૂકું વાતાવરણ અને ગરમ પવન આગને વધુ ઝડપથી ફેલાવે છે. સાથે જ વીજળીના વધેલા વપરાશને કારણે વાયરિંગ અને ટ્રાન્સફોર્મર પર વધતો ભાર પણ શોર્ટ સર્કિટ જેવી ઘટનાઓ માટે જવાબદાર બની રહ્યો છે.